# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-07-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

# GAMBHIRA BRIDGE INCIDENT

વડોદરા જિલ્લામાં મહી નદી પર નાં ગંભીરા બ્રિજ દુર્ઘટનાનો મૃત્યુઆંક 15 થયો છે. વડોદરાના કલેક્ટર અનિલ ધામેલીયાએ જણાવ્યું આજે વધુ 3 મૃતદેહ મળી આવ્યા છે , જ્યારે 4 લોકો ગુમ છે. રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ- NDRF અને રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળ -SDRF નદીના 4 કિલોમીટર દૂર સુધી તપાસ અને બચાવ કામગીરી ચલાવી રહ્યું છે.

(બાઇટ: અનિલ ધામેલિયા – કલેક્ટર)

. . . . . . . . . . . . .

# CM MEET ON BRIDGE INCIDENT

ગંભીરા બ્રિજ દુર્ઘટના અંગેનો પ્રાથમિક અહેવાલ આજે સાંજ સુધીમાં રાજ્ય સરકારને સોંપાશે. અમારા પ્રતિનિધી દુર્ગેશ મહેતા જણાવે છે કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નિવાસ સ્થાને યોજાયેલી બેઠકમાં બ્રિજ દુર્ઘટના અંગે ચર્ચા થઇ. બેઠકમાં જવાબદાર અધિકારીઓની જવાબદારી નક્કી કરવા સૂચના આપવામાં આવી. ઉલ્લેખનીય છે કે ગઈ કાલે જ રાજ્ય સરકારે બ્રિજ દુર્ઘટનાની તપાસ માટે સમિતિની રચના કરી છે.

. . . . . . . . . . . . .

# VICE CHANCELLOR CONFERENCE

નર્મદાના એકતાનગર ખાતે કેન્દ્રીય વિશ્વવિદ્યાલયોના કુલપતિઓના 2 દિવસના સંમેલનનો આજથી આરંભ થયો. શિક્ષણ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ- 2020ના અમલને વધુ ગતિશીલ બનાવવાના ઉદ્દેશ સાથે આ સંમેલનનું આયોજન કરાયું છે. કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને સંમેલનનું ઉદ્ઘાટન કરતા શિક્ષણને પ્રાથમિકતા આપવી એ આપણી જવાબદારી હોવાનું જણાવ્યું. તેમણે કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ છેલ્લા એક દાયકામાં દેશના ઉચ્ચ શિક્ષણ માળખામાં મૂળભૂત પરિવર્તન આવ્યું છે.

**(BYTE: DHARMENDRA PRADHAN, UNION EDUCATION MINISTER)**

શ્રી પ્રધાને આ પ્રસંગે ઉપસ્થિત દેશની વિવિધ કેન્દ્રીય વિશ્વવિદ્યાલયના કુલપતિઓએ પોતાના મંતવ્ય આપ્યા. દરમિયાન બહુમુખી અને સર્વાંગી શિક્ષણ , સંશોધન, નવીનીકરણ અને ચિંતનક્ષમતા વિકાસ , શિક્ષણ અને અભ્યાસમાં ટેક્નોલોજીનું સંકલન, અને સંસ્થાગત શાસન મુદ્દાઓ પર ચર્ચા થઈ.

. . . . . . . . . . .

# GURU PURNIMA

રાજ્ય સહિત દેશભરમાં આજે ગુરુપૂર્ણિમાના પાવન પર્વની ઉજવણી થઈ રહી છે. દેવભૂમિદ્વારકા જિલ્લામાં આવેલા સુપ્રસિદ્ધ ભગવાન દ્વારકાધીશ મંદિરમાં દર્શન કરવા ભક્તોની ભીડ જામી છે. સવારથી ભગવાન દ્વારકાધીશના દર્શન કરવા ભક્તોની લાંબી કતાર લાગી છે. દરમિયાન આજે ગોમતી નદીમાં હજારો ભાવિભક્તોએ સ્નાન કરીને ધન્યતા અનુભવી હતી.

બનાસકાંઠામાં શક્તિપીઠ અંબાજી મંદિરમાં અષાઢી પૂનમ અને ગુરુ પૂર્ણિમાના પાવન અવસરે ભક્તોની લાંબી કતાર જોવા મળી. દરમિયાન સમગ્ર પરિસર "બોલ માડી અંબે જયજય અંબે"ના નાદથી ગૂંજી ઉઠ્યું હતું.

તો ભાવનગરના મહુવામાં ગોહિલવાડના સુપ્રસિદ્ધ તીર્થસ્થાન પૂજ્ય સંતશ્રી બજરંગદાસ બાપાના તપોભૂમિ બગદાણામાં ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી. બગદાણામાં આજે એક લાખ ભક્તો દર્શનાર્થે આવ્યા. ભોજનશાળા ખાતે શુદ્ધ ઘીના લાડુનો એક હજાર મણ પ્રસાદ સહિત 500 મણ ગાંઠિયા , દોઢ સો મણ દાળ, 200 મણ ભાત, અઢી સો મણ રોટલી અને 500 મણ શાકભાજી તૈયાર કરાયા.

અરવલ્લીની ગિરીમાળાઓમાં બિરાજમાન શામળિયા શેઠના દર્શન કરવા આજે ભક્તોમાં ઉમંગ જોવા મળ્યો. યાત્રાધામ શામળાજી ખાતે વહેલી સવારથી જ ભક્તોનો ધસારો જોવા મળી રહ્યો છે. સાથે જ મોડાસાના દેવરાજધામ ખાતે પણ ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું.

આજે રાજ્યભરમાં ભક્તિભાવપૂર્વક ગુરુ પૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે મહેસાણાના માનવ આશ્રમ ખાતે સ્થિત ગણપતિ મંદિર અને સદુથલા મંદિર સહિતના ધર્મસ્થાનોમાં ગુરુપૂર્ણિમા નિમિત્તે ગુરુવંદનાના કાર્યક્રમો યોજાયા. જેમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી.

. . . . . . . . .

# DANG KUNVARJI

ડાંગ જિલ્લામાં ન્યુ ગુજરાત પેટર્ન યોજના હેઠળ 32 કરોડ 52 લાખ રૂપિયાથી વધુના 680 કામને  મંજૂરી અપાઈ છે. વઘઈ ખાતે આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી કુંવરજી હળપતિની અધ્યક્ષતામાં યોજાયેલી આદિજાતિ વિકાસ મંડળની બેઠકમાં આ કામોને મંજૂરી અપાઈ.

શ્રી હળપતિએ વર્ષ 2023-24થી 2024-25ના મંજૂર થયેલા કામો પૈકી  , શરૂ ન થઈ શકેલા કામની ભૌતિક અને નાણાંકીય સિદ્ધિની સમીક્ષા કરી. તેમણે જિલ્લાના અધિકારીઓને પરસ્પર સંકલન અને સહયોગ સાથે જિલ્લાના કોઈ પણ પ્રશ્ન બાબતે પ્રભારી મંત્રી કક્ષાએ ધ્યાન દોરવા જણાવ્યું.

. . . . . . . . . . . . .

# સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in – સ્લેશ - GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

....................................

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)